The News Letter From **CRC Saroda** **CRC Code:2416010010**

# Right Choise

*Reservoir Of Knowledge*

અંક: ૫ માસ: ઓક્ટોબર ૨૦૧૩





## અખંડ ભારતના શિલ્પી

## સરદાર વલ્લભભાઈ પટેલ

જન્મ તારીખ: ૩૧ ઓક્ટોબર.૧૮૭૫

# સી.આર.સી. સરોડા

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

બીજી મીણબત્તીને જ્યોત આપવામાં પ્રથમ મીણબત્તીએ કાંઈ ગુમાવવાનું નથી, પણ તેના કામમાં એક સાથીદાર મળશે.

The "Gyanpatra"

October 2013 Issue: 5

Right_Choise PUBLICATION
Sharing Ideas for Excellence In Primary Education

માહિતી

પ્રકાશન :૧ ઓક્ટોબર ૨૦૧૩.

પછીનો અંક: ૧ નવેમ્બર ૨૦૧૩

સંપાદક: જીગર પટેલ

પ્રકાશક:Right_Choise

The articles in this magazine are neither created nor re-viewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of information given here.

Volume:1 | Issue:5

Pub ID: RC5OCT3

crc.khd.balasinor.saroda@gmail.com

All rights reserved

RightChoise Web services

# Editorial

## Two Words

Dream | Believe | Achieve

'

મિત્રો,

Right_Choise ના ચાર અંકો પછી શિક્ષકમિત્રો તથા વડીલમિત્રોના પ્રતિભાવ અને સૂચનો મળતા થયા છે. આવા મિત્રોને મેં મેઈલથી આભાર વ્યક્ત કર્યો છે ચાત પણ ફરીથી આપનો ખુબ ખુબ આભાર.

જીવનમાં કેટલાય અનુભવો થાય છે અને જુદા જુદા અનુભવો પરથી કંઈક ને કંઈક નવું શીખવા મળે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે "અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે." તથા "દુધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફુકીને પીવે." કોઈ ગમે તેટલો સારો/સાચો વ્યક્તિ ભલેને ગમે તેટલો સારો રહેવા પ્રયત્ન કરે પણ આજનું આ ચાલી રહેલું તંત્ર તેને અવડા પાટા પર જવા માટે મજબુર અવશ્ય કરશે. ગાંધીજી કહી ગયા કે કોઈ એક ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરવો પણ મિત્રો શું આ વાત હાલના સમયે યથાર્થ ગણી શકાય?

માટે જ આપણે સમયની સાથે સાથે બદલવું પડે છે જો સમયની સાથે નહિ ચાલવામાં આવે તો આ દુનિયા ક્યાય આગળ નીકળી જશે.૨૧મી સદી જ્ઞાનનું સદી છે પરિવર્તનની સદી છે. આપણે આપની જરૂરિયાતો સંતોષવા માટે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને આગળ વધવું જ રહ્યું......

Jigar M Patel

CRC Co. Saroda(Balasinor)

"Be the change that you wish to see in the world."
— Mahatma Gandhi

# Activities @ CRC Saroda

શિક્ષક દિન



વિજ્ઞાનમેળો ૨૦૧૩







## શિક્ષક દિન ઉપડિયા, ફેલસાણી





# દશેરા.............

દશેરા એટલે વિજયનું પર્વ . ન્યાય અને નૈતિકતાના આ તહેવારનું સાચું મુલ્ય આપણે રાવણના અભિમાનનું દહન કરીએ અને રામના સત્ય અને શાંતિ જેવા પદ્દ્ચીહનો પર ચાલીને કરવું રહ્યું. વિજયાદશમી એટલે અહંકાર પર આદર્શનો વિજય. અસત્ય પર સત્યનો વિજય.

ભગવાન શ્રીરામે રાવણનો વધ કર્યો અને વિજય મેળવ્યો.તેને આપણે ત્યાં દશેરા તરીકે ઓળખાય છે. રાવણ તથા રામના યુદ્ધનો આખરી દિવસ અને રામના વિજયનો પ્રથમ દિવસ આપણે ત્યાં ધામધુમથી ઉજવાય છે. શ્રી રમે રાવણ તથા તેના અસુર કુળનો સંહાર કરી લંકા ઉપર વિજય પ્રાપ્ત કર્યો.

લંકાધિપતિ રાવણની વૃત્તિ આસુરી હતી. રમે રાવણનો વધ કઈ તેના અભિમાનના સુખ સલ્બીના ચૂરે ચુરા કરી નાખ્યા. રાવણ ભલે વિધવાન તથા બાહોશ હતો. પરંતુ તે તેની રક્ષાસી વૃત્તિ છોડી શકતો ન હતો અને અંતે તેનું કરુણ મોત રામના હાથે થયું. વિજયાદશમીનો દિવસ એ રાવણની દમનનીતિની સમાપ્તિનો દિવસ છે.

મધ્યપ્રદેશની વિદ્દીશા નગરીના એક ગામમાં દશેરાના દિવસે રાવણ તથા કુંભકર્ણના પુતળા બળવામાં આવે છે. આ ગામનું યોગાનુયોગ નામ પણ રાવણ છે. આ ગામમાં રાવણની મૂર્તિ પણ છે. તે આડી પડેલી છે. ભારતનું પુરાતત્વખાતું તેની સંભાળ રાખે છે.

રાવણને દશ માથાવાળો કહેવાય છે. તે બાબત કાલ્પનિક છે. પણ તેના માથામાં ૧૦ માથા જેટલી બુદ્દિધ હતી. તેની આ બુદ્દિધ આ મુજબ હતી. કામ , ક્રોધ, લોભ, મોહ, મત્સર, અહંકાર, ઈર્ષા, રાગદ્દ્વેષ, આળસ તથા દુરાચાર . આ દશ વિકારોનું સામુહિક નામ જ રાવણ છે. એટલે જ આપણે આ રાવણરૂપી દૈત્યનો દશેરાના દિવસે નાશ કરીએ છીએ.

લંકેશ, રાવણ તપસ્વી, શક્તિશાળી, બુદ્દિધમાન, તથા પરાક્રમી પુરુષ હતો. તે ખુબ લોભી તથા અભિમાની હતો. તેને મળેલી શક્તિઓને તેણે પાપના માર્ગે વળી હતી. તે બ્રાહ્મણકુળમાં જન્મેલો તથા તપસ્વી ઋષિનો પુત્ર હોવા છતાં તે દાનવ રાજ બન્યો હતો. કારણ કે તેનામાં તેની બુદ્દિધ દશ વિકારમાં છવાયેલી હતી. તેથી તો તેને ચારેય વેદ મોઢે હોવા છતા ૧૦ માથાવાળો દુરાચારી કહેવાયો. આ જગતમાં બ્રહ્મા, સરસ્વતી તથા રાવણને જ ચારેય વેદ મુખપાઠ છે.

વિજયાદશમીએ નવ દિવસના શક્તિ પર્વની ઉજવણીનું અંતિમ ચરણ છે..

"આપણામાં રહેલાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષા આ દશ મહાશાત્રુને જીતીએ ત્યારે આપણે ખરા અર્થમાં રાવણનો નાશ કર્યો કહેવાય અને દશેરા ઊજવ્યા કહેવાય."

ભગવાન રમે જગતને સંદેશ આપ્યો કે દુષ્ટ અને અત્યાચારી કેટલો પણ શક્તિશાળી કેમ ન હોય પરંતુ શક્તિનો દુરુપયોગ છેવટે તેના જ વિનાશને આમંત્રિત કરે છે. આ તહેવાર આપણા મનમાં વિજયનો ભાવ જગાવે છે.

gujaratiweb

મિત્રો,

તમે ઈ-મેઈલ, ઈ-બુક્સ, કે ઈ-શોપિંગ જેવા શબ્દો સાંભળ્યા હશે. તો આ ઈ શબ્દ શું છે? આ ઈ શબ્દ એટલે ઈલેક્ટ્રોનીક્સ અને આમ કહીએ તો ઈન્ટરનેટ પણ કઈ વાંધો નથી કારણ કે ઈન્ટરનેટ શબ્દ જોડવાથી આ શબ્દનો અર્થ વધુ મહત્વપૂર્ણ બને છે. કોઈ પણ વસ્તુના ડીઝીટલ સ્વરૂપને ઈ-પ્રત્યાય લગાવી શકાય.

આપ ઈ-મેઈલ, ઈ-બુક વિષે જાણતા હશો. હવે પાછું આ ઈ-શોપિંગ શું છે??? શોપિંગ એટલે કે ખરીદી. એ પણ ઈલેક્ટ્રોનીક્સ કે ઈન્ટરનેટ દ્વારા??? હા…

ઈ-શોપિંગની મદદથી તમે કોઈ પણ વસ્તુ ઘરે બેઠા ઓર્ડર કરીને મંગાવી શકો છો. વસ્તુ વિશેની તમામ વિગતો તેમાં લખેલી હોય છે અને જો ગમે તો તેને મત એક જ ક્લિકમાં તમે ઈચ્છો એ જગ્યાએ તમે વસ્તુ મંગાવી શકો છો. અને જો વસ્તુ પસંદ ન પડે તો દરેક કંપનીની માન્ય મુદત દાખલા તરીકે ૭ દિવસ અથવા એક મહિના સુધી તેને પરત કરી પૈસા પાછા… ભારતમાં અને આપણા ગુજરાતમાં પણ આ સુવિધા ચાલુ છે, જો ફ્રી હો અને ઈન્ટરનેટ કનેક્ષણ હોય તો ક્લિક કરો. www.flipkart.com/. http://amazone.com/, http://ebay.in/, http://homeshop18.com/. આવી તો ઘણી બધી સાઈટ્સ છે. માત્ર GOOGLE બાબાને પૂછી લો કે Online Shopping Sites.

હવે વાત રહી પૈસા ચુકવવાની તો એ પણ અચીનતા કરવાની નથી તમારી પાસે ત્રણ વિકલ્પ છે. તમે ચાહો તો ડેબીટ/ક્રેડીટ કાર્ડ કે નેટ બેન્કિંગ સુવિધાથી પૈસા ચૂકવી શકો છો અને જો એમ ન કરવું હોય તો “COD” કેશ ઓન ડીલીવરી મતલબ કે વસ્તુ તમારા હાથમાં આવે પછી ચુકવણી તો એ રીતે પણ કરી શકો છો.

Hiren Patel (Technical Head)

RightChoise

## An Ironman Of India

ભારતના 'સરદાર' અને ભારતની એકતાના ઘડવૈયા મોટું ટાલવાળું માથું, બેઠા ઘાટનો દેહ, બાંધી દડીનું શરીર. અંગ પર સફેદ ખાદીનું ધોતિયું અનેસફેદ ખાદીનું પહેરણ. બૌદ્ધ સાધુ જેવી ગંભીર દૃષ્ટિ, નિશ્ચયબળ,લોખંડી ઈચ્છાશક્તિ, પ્રામાણિક ચારિત્ર્ય. આ બધાંનો સરવાળો કરીએ એટલે સાંપડે વલ્લભભાઈ પટેલ. વલ્લભભાઈનો જન્મ નડિયાદમાં ઈ. ૧૮૭૫ના ઑક્ટોબર માસની એકત્રીસમી તારીખે થયો હતો. ગ્રેજ્યુએટ થયા બેરિસ્ટર થવા વિલાયત જવું હતું. 'વી. જે. પટેલ' નામનો પાસપોર્ટ આવ્યો. મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ આ પાસપોર્ટ પર લંડન જઈ આવ્યા.

ગાંધીજીએ ખેડા જિલ્લાની મહેસૂલ પદ્ધતિ પડકારી. વલ્લભભાઈને ખેડા સત્યાગ્રહનું સંચાલન સોંપ્યું. વલ્લભભાઈએ આ કાર્યમાં સફળતા હાંસલ કરી. ઈ. ૧૯૨૦માં રાષ્ટ્રીય કૉંગ્રેસના તેઓ પ્રમુખ બન્યા. પછી તો જ્યાં ગાંધીજી ત્યાં સરદાર. બોરસદ અને રાસનો ખેડૂત-સત્યાગ્રહ મંડાયો. બારડોલીની નાકરની લડત જાગી. બધે વલ્લભભાઈ અગ્રણી. એટલી સફળતાથી સંચાલન કર્યું કે વલ્લભભાઈ 'સરદાર' બની ગયા. દાંડીકૂચ હોય, સરકાર સાથે વાટાઘાટ હોય કે જેલવાસ હોય, 'જયાં જ્યાં ગાંધીજી ત્યાં ત્યાં વલ્લભભાઈ' જેવી પરિસ્થિતિ સર્જાઈ.
ઈ. ૧૯૪૨નું વર્ષ આવી પહોંચ્યું. સરદારના બોલ પર અનેક સ્વાતંત્ર્યસેનાનીઓ હસતે મોંએ શહીદીને વર્યા. વલ્લભભાઈ 'અખંડ ભારતના' પૂજારી, શિસ્તના પરમ ઉપાસક. છતાં ઈ. ૧૯૪૭ના દેશના ભાગલા કબૂલ રાખ્યા. મુસ્લિમોના પ્રતિકારને લોખંડી હાથે દબાવ્યો. કાશ્મીરના આક્રમણને થંભાવી દીધું. કાશ્મીરના પ્રશ્નને યુનોમાં રજૂ કરવાના તેઓ સખત વિરોધી હતા.

બ્રિટિશ રાજકર્તાઓ ભારત છોડતા ગયા પરંતુ હિંદુ-મુસલમાન વચ્ચે ખાઈ ઊંડી કરતા ગયા અને દેશી રાજ્યો તથા બ્રિટિશ હકૂમતનાં કેટલાંક રાજ્યોને સ્વતંત્ર બનાવતા ગયા. અખંડ ભારતની ભાવના ઓસરી જાય તો રાષ્ટ્ર છિન્નભિન્ન થઈ જાય. વલ્લભભાઈએ કુનેહપૂર્વક કામ સંભાળ્યું. દેશી રાજ્યોનું સમજપૂર્વકનું જોડાણ સાધ્યું. રાજકીય એકતાને ચોક્કસ અને મજબૂત સ્વરૂપ આપ્યું. જૂનાગઢ, હૈદરાબાદ, જમ્મુ-કાશ્મીર અને ગોવાને પણ રાષ્ટ્રમાં ભેળવવામાં એમની લોખંડી તાકાતનું દર્શન થાય છે.

કેટલાકના મત પ્રમાણે કહેવાય છે કે સરદાર થોડું વધારે જીવ્યા હોત તો સાચા સ્વરાજ્યનું આપણને પુનિત દર્શન થયું હોત. પરંતુ ભારતના એ ભાગ્યવિધાતાને પરમાત્માનું તેડું વહેલું આવ્યું. ઈ. ૧૯૫૦ ડિસેમ્બરની ૧૫મી તારીખે દિવસ ઊગ્યો અને સરદારનો જીવનસૂર્ય આથમી ગયો.

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજનાર બીજી HTAT (હેડ ટીચર એપ્ટીટ્યુડ ટેસ્ટ) માં Right_Choise™ સાથે જોડાયેલ પટેલ મહેન્દ્રકુમાર ડી. તથા પટેલ જીગર એમ. ને બીજી વખત ઝળહળતી સફળતા મેળવવા બદલ Right_Choise પરિવાર તરફથી આપ સૌને ખુબ ખુબ અભિનંદન.આપ આવી જ સફળતા ભવિષ્યમાં પણ હાંસલ કરો તેવી શુભકામનાઓ.

ખરેખર આપે સાબિત કર્યું છે કે,

*"Success is journey its not a Destination."*

-Right_Choise પરિવાર

**કોઈ તમને નીચે પછાડવાની કોશિશ કરે તો તમે એ વાતનું ગર્વ જરૂર લેજો કે તમે એનાથી ઉપર છો.**

## Our Team

### CRC Saroda

Saroda | Karanpur | Dakhariya | Fefariya | Bhathiji na muvada | Bhogiya Kinari | Verasa | Felsani |Gajapagi Na Muvada Rajanpur | Garasiya Na Muvada | Vachla Muvada |Upadiya | Kanera

Kanyashala Balasinor | Kalupur Primary School Br.5

LET THE JOY OF FESTIVITY EMBRACE YOU
AND LET US CELEBRATE THE POWER OF GOOD
ON THIS VIJAYADASHMI

**To,**

______________________________

______________________________

______________________________

*You are Always Welcome to ........*

**Cluster Resource Center, Saroda**

**Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)**

**+91-9979146176**

**rightchoise.blogspot.in**

Right_Choise™ PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

Send us your feedback on

crc.khd.balasinor.saroda@gmail.com